https://divya-b.in/YFhJ39nlcCb

# મહિલાઓની યોગ્ય તાલીમની મજબૂત આ પહેલ:EDII અને NTPCએ ઉદ્યોગસાહસિકતા દ્વારા મહિલા સશક્તિકરણ માટે હાથ મિલાવ્યાં

અમદાવાદ2 દિવસ પહેલા

ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયની માન્યતા ધરાવતા સેન્ટર ઓફ એક્સલન્સ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાએ નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન લિમિટેડના CSR વિભાગ સાથે શુક્રવારે મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ ઉપર હસ્તાક્ષર કર્યા છે. આ MOA અંતર્ગત EDII NTPC નોઇડાના આસપાસના વિસ્તારોમાં વંચિત મહિલાઓને નવી એન્ટરપ્રાઇઝની રચના કરવામાં સહયોગ કરશે. વધુમાં EDII વંચિત મહિલાઓના લાભાર્થે કોલ્ડ કોમ્પ્રેસ્ડ ઓઇલ યુનિટની સ્થાપના પણ સુનિશ્ચિત કરશે. સહભાગી મહિલાઓને યોગ્ય તાલીમ અને માર્ગદર્શન દ્વારા આ પહેલને મજબૂત કરાશે.

## મહિલાઓને પગભર કરવા પહેલ

NTPCએ તેની CSR પહેલ અંતર્ગત મહિલાઓને સશક્ત કરવા તેમજ તેમને ઉદ્યોગસાહસિક અને આત્મનિર્ભર બનાવવાની પ્રવૃત્તિના ભાગરૂપે આ પહેલ કરી છે. સ્વ-સહાય જૂથની કુલ 30 મહિલાઓને એક વર્ષના સમયગાળામાં સ્વતંત્ર અને સશક્ત કરાશે. એક્સેંચર, એચએસબીસી, ટાટા કમ્યુનિકેશન્સ, એમેઝોન ઇન્ડિયા, ફેસબુક, ઓએનજીસી, બેયર, એચસીએલ વગેરે જેવા કોર્પોરેટ હાઉસની સીએસઆર પહેલો માટે EDII મહિલા ઉદ્યોગસાહસિકતા અને સશક્તિકરણના ઘણા પ્રોગ્રામ લાગુ કરે છે. અત્યાર સુધીમાં સેનિટાઇઝેશન પ્રોગ્રામ, આંત્રપ્રિન્યોરશિપ ક્ષમતા નિર્માણ પ્રોગ્રામ, ડોમેન અને સ્કીલ ટ્રેનીંગ, નેટવર્કિંગ અને માર્કેટિંગ એક્સપોઝર, માર્ગદર્શન અને સહયોગ દ્વારા ઇન્સ્ટિટ્યૂટ દેશભરમાં 39,142 મહિલાઓ સુધી પહોંચી છે.